BUSINESS મિત્ર Plus

# મેમરી ચિપ્સ ઈઝ ન્યુ ઓઈલ?- તાઈવાન-કોરિયા-નાસદાકમાં સ્ફોટક તેજી

તાઈવાન, કોરિયા, જાપાન અને નાસદાક જેવા ટેકનોલોજી બેન્ચમાર્કમાં સ્ફોટક તેજી અને ઈરાન-અમેરિકા વચ્ચે યુધ્ધવિરામ લંબાયાના આશાવાદે ગત સપ્તાહે વિકસીત શેરબજારોમાં તેજીનું જોરદાર કમબેક જોવાયું હતું, એનો થોડો ઘણો લાભ ભારતીય શેરબજારને પણ મળ્યો હતો. મેમરી ચિપ્સ બનાવતી કંપનીઓ માઈક્રોન, સેમસંગ અને એસકે હાઈનીકસ ટ્રિલિયન ડોલર કલબમાં જોડાઈ ગઈ છે. એનવીડીયા, એપલ, માઈક્રોસોફ્ટ, ગુગલ વગેરે ઘણા સમય પહેલા ટ્રિલિયોનેર કલબમાં જોડાઈ ગઈ છે. હાઈપર સ્કેલર કંપનીઓ એનવીડીયા માઈક્રોસોફ્ટ, ગુગલ એમેઝોન, સામસંગ વગેરે ફિજિકલ એઆઈ બીલ્ડઆઉટમાં તોતિંગ મૂડીખર્ચ કરી રહી છે અને એ જોતા મેમરી ચિપ્સને ન્યુ ઓઈલ કહીએ તો એમાં અતિશયોકિતી નથી. ડીઆરએએમ મેમરી બનાવતી સાનડિસ્કનું વેલ્યુએશન ચીનની મહાકાય ઓઈલ કંપની પેટ્રોચાઈના કરતા વધારે છે.

ભારતીય બજારોની વાત કરીએ તો સપ્તાહના આરંભે બજારોનો મૂડ અપબીટ હતો પણ સપ્તાહની આખરમાં આઈએમડીએ ચોમાસામાં વરસાદ લોંગ ટર્મ એવરેજ ૯૨ ટકાની તુલનાએ ૯૦ ટકા એટલે કે સામાન્ય કરતા ઓછો રહી શકે એવું પૂરિવાનુમાન દર્શાવતા, અને અલ નીનોની આશંકાથી વરસાદની ખાધ પડી શકે એવી શકયતાએ સેન્સેકસ ૧૦૦૦ પોઈન્ટ તૂટયો હતો. ઈરાન વોરને ત્રણ મહીના પુરા થઈ ગયા છે, હોરમુઝમાંથી ધીમે ધીમે જહાજો નીકળે છે પણ જયા સુધી હોરમુઝ નાકાબંધી અને અમેરિકાનો પહેરો હટે નહી. મુકત શિપિંગ શરુ ન થાય ત્યા સુધી એનર્જી શોકની ભીતિ બની રહે એમ છે. જો હોરમુઝ સમસ્યા જલદી સૂલઝે નહી, અલ નીનોની આશંકા વધે તો ફયુલ-ફર્ટિલાઈઝર-ફુડ એમ ત્રેવડો પડકાર ઉભો થાય. એફઆઈઆઈની વેચવાલી ચાલુ છે રિઝર્વ બેન્કે તાજેતરમાં બે વાર સરકારને ડિવિડન્ડ કે કરન્સી ગેઈનનો લાભ પાસઓન કર્યો ચે એટલે હાલ તો રૂપિયો સુધર્યો છે. ૯૬.૯૬થી સુધીને ૯૫ સુધી આવ્યો છે. સપ્તાહની આખરમાં ઈરાન ડિલ ફરી ઘોંચમા પડયાના સમાચારો છે. સાતુ સપ્તાહે અમેરિકાનો નોન ફાર્મ પેરોલ ડેટા કેવો આવે એના પર બજારની નજર છે. જો કે ભારતીય બજારો માટે હાલ તો ચોમાસુ સૌથી અગત્યનું પરિબળ છે. શેરબજાર જ નહી, કોમોડિટી બજારો તેમજ ફુગાવાના સંદર્ભમાં પણ ચોમાસુ ખૂબ મહત્વનું પરિબળ છે. આ માટે કોમોડિટીઝ બજારો, ખાસ કરીને આવશ્યક ચીજવસ્તુઓમાં હાલની સ્થિતી અને ટ્રેન્ડ પર એક નજર કરી લઈએ.



આવશ્યક કોમોડિટીઝમાં તેલીબીયાં ખોળમાં એક વરસ પહેલા કારમી મંદી હતી તે અચાનક મોટી તેજીમાં પલટાઈ ગઈ છે. સોયાબીન અને રાયડામાં નીચો પાક, નીચો કેરીફોરવર્ડ સ્ટોક રહેતા સોયાખોળ ગયા વરસે ૨૮૪૦૦ હતો તે હાલ ૬૬૦૦૦ છે. રાયડાખોળ ૨૦૦૦૦થી વધીને ૩૩૦૦૦, સીંગખોળ ૧૫૦૦૦થી વધીને ૪૨૦૦૦ થયો છે. સોયાબીન ૪૩૦૦થી વધીને ૭૫૦૦, ડીડીજીએસ ૧૩૦૦૦થી

**બિરેન વકીલ**

વધીને ૨૮૦૦૦, સોયાતેલ ૧૨૦૦થી વધીને ૧૪૮૦, સરસવ તેલ ૧૩૨૦થી વધીને ૧૫૮૦ થયા છે. કોટન ગાંસડી ૫૩૦૦૦થી વધીને ૬૬૦૦૦ થયા ચે. સરસવ ૬૫૦૦થી વધી ૮૦૦૦ થઈ ગયો છે. ચણા અને ગવારમાં પણ તેજીનો ચમકારો છે. તેલ-તેલીબીયાંની ઝડપી તેજીને અનુલક્ષી મોંઘવારી કાબુનાં રાખવા સ્ટોક લીમીટ, આયાત જકાતમાં ફેરફાર જેવા સરકારી પગલા આવી શકે છે. તેલ-તેલીબીયાંની તેજી અનાજ-કઠોળના ભાવોને પણ પ્રભાવીત કરી શકે. હાલ તો ભારતમાં ઘઉ-ચોખાનો-ચણાનો પૂરવઠો પૂરતો છે, પણ અલ નીનોની આશંકાએ થાઈ સફેદ ચોખા એક માસમાં ૨૦ ટકા અન શિકાગો ચોખા વાયદો એક માસમાં ૧૫ ટકા વધ્યો છે. ક્રુડની તેજીને નાથવા ભારતે ઈથાનોલ બ્લેન્ડિંગ વધારાના મેન્ડેટ જારી કર્યા પછી મકાઈ ૧૫૦૦થી વધી ૨૧૦૦ થઈ ગઈ છે. અમેરિકામાં બાયોફયુલ ક્રેડિટની તેજીથી શિકાગો સોયાતેલ એક વરસમાં ૪૦ ટકા વધ્યું છે. જો ચોમાસુ બે વીકથી વધુ ઠેલાય, હોરમુઝ બ્લોકેડ ૮-૧૦ દિવસમાં ન ખૂલે તો ચણા-ગવાર- ઘઉ વગેરેમાં માનસ તેજીતરફી થઈ શકે. ચીન-ઓસી-ફારઈસ્ટ દેશોમાં મજબૂત અલ નીનોની આંશકા વચ્ચે ચીન-અમેરિકામાં કોમોડિટીઝમાં માનસ તેજીનુ છે.

અમેરિકામાં ટેક શેરોની ધુંઆધાર તેજીમાં વધતી મોંઘવારી અને તોતિંગ રાજકોષિય ખાધ દબાઈ ગયા છે. મીડટર્મ ચૂંટણીને અનુલક્ષી અમેરિકામાં ઘરઆંગણે મોંઘવારી મોટો પડકાર બની ગયો છે.

ક્રુડઓઈલની વાત કરીએ તો બ્રેન્ટ ક્રુડ ૧૨૦ ડોલરથી તૂટીને ૯૧ ડોલર આસપાસ આવ્યું છે. નાયમેકસ ક્રુડ ૧૦૫ ડોલરથી ઘટીને ૮૮ ડોલર આસકાસ કરેકશન બતાવે છે. હોરમુઝ મામલો લટકતી તલવાર જેવો છે, અમેરિકાએ તાજેતરમાં પોતાની રિઝર્વમાંથી નોંધપાત્ર જથ્થો વેચ્યો છે પણ લાંબા ગાળાના સંદર્ભમાં જોઈએ તો ક્રુડઓઈલની ટાંકીઓના તળીયા નજીક છે. લાંબા ગાળાનો સપ્લાય શોર્ટફોલ સોલ્વ કરવા પૂરવઠામાં નોંધપાત્ર અને ટકાઉ વધારો જોઈએ, સાથોસાથ વૈકલ્પિક ઉર્જામાં પણ સતત વધારો જોઈએ. ડેટા સેન્ટર્સ, હીટ વેવ, ઓટોમેશન, શસ્ત્રદોડ વગેરેને કારણે ઉર્જા જરૂરીયાતો બેફામ વધી રહી છે. હાલમાં ચોમાસું, હોરમુઝ સોલ્યુશનની રાહ જોઈએ.

### ઈરાન ડિલ ફરી ઘોંચમાં?- અલ નીનોની આશંકાએ તેલ-કેટલફીડ બજારોમાં લાલચોળ તેજી

સોનાચાંદીમાં સુસ્ત રફ વધઘટ છે. લંડન સ્પોટ સોનું ૪૩૬૬ ડોલરથી ઉછળી ૪૫૮૯૪ થઈ છેલ્લે ૪૫૩૮ ડોલર બંધ હતું. એમસીએકસ ઓગષ્ટ વાયદો ૧.૫૩-૧.૬૮ લાખ વચ્ચે રેન્જબાઉન્ડ દેખાય છે. હાલ દીશાહીન દેખાય છે. ચાંદીમાં પણ વધઘટ ૬૭-૮૭ ડોલર વચ્ચે અનિયમીત દેખાય છે. લોકલ એમસીએકસ જૂલાઈ ચાંદીની રેન્જ ૨.૫૫-૨.૮૫ લાખ વચ્ચે દેખાય છે. બેઝ મેટલ્સમાં મિશ્ર કારોબાર છે. ચીન ને યુરોપમાં સ્લોડાઉન છે.

# વૈશ્વિક બજારો કરતા ભારતમાં સોનુ ૧૮ ટકા વધારે મોંઘુ છે

સરકારે મે મહિનામાં સોના પરની આયાત ડ્યુટી 6% થી વધારીને 15% કરી દીધી છે. આ 9-પર્સન્ટેજ-પોઈન્ટના સીધા વધારાને કારણે જાહેરાતના ગણતરીના દિવસોમાં જ સોનાના ભાવ વધીને પ્રતિ દસ ગ્રામ રૂ. 1.6 લાખની નવી ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયા હતા. વર્ષ 2026ની શરૂઆતથી ભારતીય અને આંતરરાષ્ટ્રીય બજારોમાં સોનાના ભાવ વચ્ચેનો તફાવત ખૂબ જ ઝડપથી વધ્યો છે. આ તફાવત હવે લગભગ 18% જેટલો થઈ ગયો છે. આ માટે મુખ્યત્વે બે પરિબળો જવાબદાર છે: આયાત ડ્યુટીમાં કરાયેલો તીવ્ર વધારો અને યુએસ ડોલર સામે ભારતીય રૂપિયાનું અવમૂલ્યન. MCX સ્પોટ ગોલ્ડે વર્ષ 2026માં અત્યાર સુધીમાં પ્રતિ દસ ગ્રામ (24 કેરેટ) રૂ. 23,615 નો વધારો નોંધાવ્યો છે, જે 1 જાન્યુઆરીએ રૂ. 1,32,614 થી વધીને 27 મે, 2026 સુધીમાં રૂ. 1,56,229 પર પહોંચી ગયો છે. તેની સરખામણીમાં, ડોલરના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય સોનાના ભાવમાં ખાસ કોઈ ફેરફાર થયો નથી – તે સમાન સમયગાળા દરમિયાન $4,319 થી વધીને $4,388 થયો છે, જે માત્ર 1.6% નો મામૂલી વધારો દર્શાવે છે. ઑગમોન્ટના રિસર્ચ હેડ ડૉ. રેનિશા ચૈનાની જણાવે છે કે, "આંતરરાષ્ટ્રીય સ્તરે નજીવા ફેરફાર સામે સ્થાનિક બજારમાં YTD (વર્ષની શરૂઆતથી અત્યાર સુધી) આશરે 18%નો ઉછાળો એ 13 મેના રોજ લેવાયેલા પોલિસી નિર્ણય (9% ડ્યુટી વધારો) અને 2026માં અત્યાર સુધી USDINR માં થયેલા 7%ના ઘટાડાનું સીધું પરિણામ છે."



**ભાવમાં આટલો મોટો તફાવત આવવા પાછળ મુખ્ય બે કારણો છે:**

**કારણ ૧: આયાત ડ્યુટીમાં વધારો**

સરકારે સોના પરની આયાત ડ્યુટી અસરકારક રીતે 6% થી વધારીને 15% કરી દીધી છે – જેમાં 10% બેઝિક કસ્ટમ્સ ડ્યુટી અને 5% એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ (AIDC) નો સમાવેશ થાય છે. આ 9 પર્સન્ટેજ પોઈન્ટનો વધારો આયાતકારો માટે સોનાના ખર્ચમાં સીધો વધારો કરે છે – અને આ વધારાનો બોજ આખરે ગ્રાહકો પર નાખવામાં આવે છે. ભાવ પર તેની તાત્કાલિક અસર જોવા મળી હતી. 6 મે થી 12 મે વચ્ચે સોનું પ્રતિ દસ ગ્રામ રૂ. 1.5 લાખની આસપાસ ટ્રેડ થઈ રહ્યું હતું. આયાત ડ્યુટીમાં વધારાની જાહેરાત પછી, 14 મેના રોજ ભાવ રૂ. 1.6 લાખની નવી ઊંચી સપાટીએ પહોંચી ગયા હતા – અને ત્યારથી ભાવ ઊંચા સ્તરે જ જળવાઈ રહ્યા છે, જે હાલમાં રૂ. 1.56 લાખની આસપાસ ટ્રેડ થઈ રહ્યા છે. આ ડ્યુટી વધારા ઉપરાંત, એડવાન્સ ઓથોરાઈઝેશન સ્કીમ અંતર્ગત

### વર્ષ 2026ની શરૂઆતથી ભારતીય અને આંતરરાષ્ટ્રીય બજારોમાં સોનાના ભાવ વચ્ચેનો તફાવત ખૂબ જ ઝડપથી વધ્યો છે. આ તફાવત હવે લગભગ 18% જેટલો થઈ ગયો છે. આ માટે મુખ્યત્વે બે પરિબળો જવાબદાર છે: આયાત ડ્યુટીમાં કરાયેલો તીવ્ર વધારો અને યુએસ ડોલર સામે ભારતીય રૂપિયાનું અવમૂલ્યન

નિકાસ સાથે જોડાયેલી સોનાની આયાત માટેના સરકારી નિયમો પણ કડક કરવામાં આવ્યા છે. આનાથી લાંબા ગાળે સપ્લાય (પુરવઠો) વધુ મર્યાદિત બનવાની શક્યતા છે, જેને કારણે ભાવ ઊંચા રહેશે.

**કારણ ૨: રૂપિયાનું અવમૂલ્યન**

વર્ષ 2026માં અત્યાર સુધીમાં ભારતીય રૂપિયો યુએસ ડોલર સામે લગભગ 7% નબળો પડ્યો છે. વૈશ્વિક સ્તરે સોનાના ભાવ ડોલરમાં નક્કી થતા હોવાથી, રૂપિયો નબળો પડવાનો અર્થ એ થાય કે આંતરરાષ્ટ્રીય ભાવ ન વધે તો પણ ભારતીયોએ એટલા જ સોના માટે આપોઆપ વધુ કિંમત ચૂકવવી પડે છે.

**ભારતમાં સોનાના ભાવ કેવી રીતે નક્કી થાય છે?**

ભારતમાં સોનાના ભાવ મોટે ભાગે આંતરરાષ્ટ્રીય બજારના ભાવો, ખાસ કરીને LBMA ગોલ્ડ પ્રાઈસ દ્વારા નક્કી થાય છે. પરંતુ તેના પર આયાત વેરો ઉમેરવામાં આવે છે, જેનાથી ભારતમાં આવતા સોનાની અંતિમ કિંમત (લેન્ડેડ પ્રાઈસ) એ આંતરરાષ્ટ્રીય કિંમતમાં આયાત ડ્યુટી અને ચલણના ઉતાર-ચઢાવને એડજસ્ટ કરીને નક્કી થાય છે. કોટક સિક્યોરિટીઝના નેશનલ હેડ – કોમોડિટીઝ રિટેલ બિઝનેસ, સુનિલ કટકે કહે છે કે, "જો વૈશ્વિક સ્તરે સોનાના ભાવ વધશે અને રૂપિયો વધુ નબળો પડશે, તો ભારતીય બજારમાં ભાવ વધુ ઝડપથી વધી શકે છે. જો આંતરરાષ્ટ્રીય ભાવો ઘટશે તો પણ, જો રૂપિયો નબળો રહેશે તો સ્થાનિક ભાવોમાં કોઈ મોટો ઘટાડો નહીં જોવા મળે." ઈતિહાસ દર્શાવે છે કે આ તફાવત હાલ પૂરતો તો અકબંધ જ રહેશે. 2012 થી સરકારે સોના પરની આયાત ડ્યુટીમાં ઘણી વખત વધારો કર્યો છે, જેમાં માત્ર

**કોમોડિટી પ્રવાહ**

બે જ પ્રસંગોએ – 2021 અને 2024 માં ઘટાડો કરવામાં આવ્યો હતો. સુનિલ કટકે ઉમેરે છે કે, "આયાત ડ્યુટીમાં મોટો ઘટાડો જ ભારતીય અને વૈશ્વિક ભાવો વચ્ચેનો તફાવત ઘટાડી શકે છે, જે હાલમાં થવાની શક્યતા દેખાતી નથી." ડૉ. ચૈનાની જણાવે છે કે, "જ્યાં સુધી 15% ડ્યુટી લાગુ રહેશે અને જૂના ખર્ચવાળો નવો સ્ટોક પૂરો નહીં થાય ત્યાં સુધી આ તફાવત ચાલુ રહેશે. જ્યાં સુધી આયાત ખર્ચ સામાન્ય નહીં થાય ત્યાં સુધી સ્થાનિક ભાવો આંતરરાષ્ટ્રીય ભાવો કરતાં માળખાકીય રીતે ઊંચા જ રહેશે."

આ બધી પરિસ્થિતિ વચ્ચે, હાલમાં બજારમાં એક રસપ્રદ સ્થિતિ જોવા મળી રહી છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC) ના જણાવ્યા અનુસાર, "નબળી માંગ અને પૂરતા પુરવઠાને કારણે સ્થાનિક સોનાના ભાવમાં હજુ સુધી આયાત ડ્યુટીના વધારાની સંપૂર્ણ અસર દેખાઈ નથી, અને તેથી જ સ્થાનિક બજારો હાલમાં લેન્ડેડ પ્રાઈસ (ભારતમાં સોનું લાવવાના વાસ્તવિક ખર્ચ) કરતાં ભારે ડિસ્કાઉન્ટ (વળતર) પર ચાલી રહ્યા છે." આયાત ડ્યુટી વધાર્યા પછી, વેપારીઓએ નફો બુક કરવા માટે ફિઝિકલ ગોલ્ડ (સોનાના સિક્કા/લગડી વગેરે) વેચવાની ઉતાવળ કરી, જેના કારણે બરાબર એવા સમયે સપ્લાય વધી ગઈ જ્યારે બજારમાં ખરીદી નબળી હતી. બુલિયન ડીલરોએ (સોનાના મોટા વેપારીઓ) પણ કદાચ એવો સ્ટોક બજારમાં ખાલી કર્યો જે જૂની, ઓછી ડ્યુટીના દરે આયાત કરવામાં આવ્યો હતો – જેનાથી બજારમાં પુરવઠો વધુ વધી ગયો.

મુખ્ય વાતઃ ભારતમાં સોનાના ભાવ વૈશ્વિક ભાવો કરતાં માળખાકીય રીતે ઊંચા છે, અને જ્યાં સુધી 15% આયાત ડ્યુટી લાગુ રહેશે અને રૂપિયો નબળો રહેશે ત્યાં સુધી આ પ્રીમિયમ (વધારો) દૂર થવાની શક્યતા નથી. વાસ્તવિક પડતર કિંમત (લેન્ડેડ પ્રાઈસ) પર હાલમાં મળી રહ્યું આ ડિસ્કાઉન્ટ એ પુરવઠાના અતિરેકને કારણે ઊભી થયેલી એક અસ્થાયી (ટેમ્પરરી) સ્થિતિ છે, ભાવ ઘટવાના કોઈ સંકેત નથી.

# આયાત ડ્યુટીની અસરઃ સરકારના નિર્ણય બાદ સોનાની ખરીદીમાં મોટો ઘટાડો જોવાયો

ફેબ્રુઆરી મહિનામાં ઇરાન-અમેરિકા અને ઇઝરાયેલ વચ્ચે યુદ્ધ શરૂ થયું હતું અને વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ શરૂ થઇ જવા પામ્યો હતો. આ અગાઉ અમેરિકાના ટ્રેડ વોરથી પરિસ્થિતિ વણસી હતી. આ અનિશ્ચિતતાના માહોલના કારણે વૈશ્વિક અર્થતંત્રને અસર પડવાનું શરૂ થઇ ગયુ છે. ઇરાન-અમેરિકા વચ્ચે યુદ્ધની સંભાવનાએ હોર્મુઝ ખાડીની સપ્લાય ચેઇન ખોરંભાઇ જતાં ક્રુડ ઓઇલના ભાવ ઉછળ્યા હતા, જેથી મોંઘવારી રોકેટ ગતિએ વધી રહ્યો છે. ખાસ કરીને ભારતની વાત કરીએ તો સૌથી મોટો આયાતી દેશ હોવાથી સૌથી વધુ અસર થઇ રહી છે.



ભારતીય અર્થતંત્રને અસર પડવાની શરૂ થઇ ચુકી છે. હોલસેલ ફુગાવો ઉછળ્યો છે, હવે રિટેલ ફુગાવો પણ વધી રહ્યો છે, જેથી ભારત સરકાર ચિંતિત થઇ છે. જેમાં ખાસ કરીને રૂપિયો જે રીતે નબળો પડી રહ્યો હોવાથી ભારતીય અર્થતંત્ર નબળું પડવાનું શરૂ થઇ ગયું છે. જેથી સરકાર ચોંકી ઉઠ્યો છે. જેમાં સરકારે સોનાની આયાત ઉપર રોક લગાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અપીલ કરી છે, અને પ્રજાને અપીલ કરી હતી કે, સોનાની ખરીદી ન કરો. જેની અસર પડી રહી છે. 13 મેના રોજ પ્રધાનમંત્રીએ અપીલ કરી હતી, તેના 15 દિવસમાં અસર થવા લાગી છે.

ભારત સરકારે સોનાની ખરીદી ઘટાડવા માટે આયાત ડ્યુટી 6 ટકાથી વધારીને 15 ટકા કર્યા હતા. જેથી સોનાની માંગમાં મોટો ઝટકો લાગ્યો છે. બાદ ખરીદીમાં લગભગ 70 ટકાનો ઘટાડો થયો છે. મોંઘવારી, વધતા ઈંધણના ભાવ અને નબળા ગ્રાહક સેન્ટિમેન્ટને કારણે લોકો નવું સોનું ખરીદવાને બદલે જુના ઝવેરાત વેચી રહ્યા છે.

જ્વેલરીના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે મોંઘા સોના, વધતી જતી મોંઘવારી અને લોકોની ખર્ચની ક્ષમતામાં ઘટાડો થવાથી બજારની ચમક છીનવી લેવામાં આવી છે.

ઉદ્યોગના અંદાજ મુજબ, 27 મેના રોજ પૂરા થયેલા પખવાડિયામાં દેશની સોનાની માંગ ઘટીને લગભગ 7.5 ટન થઇ ગઇ છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં લગભગ 25 ટન હતી. સરકારે 13 મેથી સોના પરની આયાત ડ્યુટી 6 ટકાથી વધારીને 15 ટકા કરી હતી. આ પછી દેશભરના જ્વેલર્સની માંગમાં તીવ્ર ઘટાડો થયો હોવાના અહેવાલો આવ્યા હતા.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર, ડ્યુટી વધારા બાદ સોનાની માંગમાં લગભગ 70 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. સૌથી વધુ ફટકો અસંગઠિત વ્યવસાયને થયો છે, જે દેશના કુલ સોનાના વેપારના લગભગ 65 ટકા સંભાળે છે.

જ્વેલરી રિટેલ ચેઇનનું માનવું છે કે માંગમાં નબળાઇ પાછળનું એકમાત્ર કારણ આયાત ડ્યુટી નથી, પણ

**કોમોડિટી વ્યૂહ**

પ્રધાનમંત્રીની એક વર્ષ સુધી સોનાથી દૂર રહેવાની અપીલથી ગ્રાહકોની વિચારસરણીને પણ અસર થઇ છે. તેમના જણાવ્યા મુજબ જોયાલુક્કાના સ્ટોર્સમાં પણ માંગમાં 35 ટકાથી વધુનો ઘટાડો જોવા મળી રહ્યો છે. પેટ્રોલ, ડીઝલ અને ખાદ્ય ચીજોના વધતા ભાવે લોકોનું બજેટ પણ બગડી ગયું છે. આવી સ્થિતિમાં, ગ્રાહકો હાલમાં સોના જેવી મોંઘી ખરીદીથી બચી રહ્યા છે. ડ્યુટીમાં વધારો થયા પછી, જીએસટી સહિત સોના પરનો કુલ અસરકારક ટેક્સ બોજ 9.18 ટકાથી વધીને 18.45 ટકા થઇ ગયો છે.

વેપારીઓના જણાવ્યા અનુસાર, આ હાલમાં અધિક માસનો સમય છે, જેમાં ઘણા હિન્દુ પરિવારો કિંમતી વસ્તુઓ ખરીદવાનું ટાળે છે. જો કે, સૌથી ચિંતાજનક બાબત એ છે કે જે ગ્રાહકોએ રોકાણના હેતુ માટે સોનું ખરીદ્યું હતું તેઓ પણ પીછેહઠ કરવા લાગ્યા છે.

નિષ્ણાતોનું માનવું છે કે વર્ષની શરૂઆતમાં રોકાણની માંગ મજબૂત હતી, પરંતુ હાલની પરિસ્થિતિ બીજા ક્વાર્ટરમાં રોકાણની આગેવાની હેઠળની માંગને અસર કરી શકે છે.

દેશના સૌથી વધુ સોનાનો વપરાશ કરનાર દેશોમાં ગણવામાં આવતા દક્ષિણ ભારતમાં પણ ખરીદી નબળી છે. જ્વેલર્સના જણાવ્યા અનુસાર, ગ્રાહકો હવે ભારે અને મોંઘા ઝવેરાતને બદલે હળવા વજનના અને ઓછા કેરેટના ઝવેરાત ખરીદી રહ્યા છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના રિસર્ચ હેડના જણાવ્યા અનુસાર, ડ્યુટી વધારાની અસર તમામ વિભાગો પર જુદી જુદી રીતે દેખાઇ રહી છે. મોટી જ્વેલરી બ્રાન્ડ્સને જાહેરાત પછી થોડા સમય માટે પેનિક ખરીદીથી ફાયદો થયો હતો, પરંતુ તેઓ વેચાણમાં વધુ મંદીની અપેક્ષા પણ રાખી રહ્યા છે. જો કે, તેમની પાસે લગ્નની માંગ માટે પૂરતો સ્ટોક અને ટેકો છે.

### પ્રધાનમંત્રીની અપીલ અને ઉંચા ભાવથી નવા સોનાની ખરીદીના બદલે રોકાણકારો જૂના ઘરેણાં વેચી રહ્યા છે

પ્રાદેશિક અને મધ્યમ કદના જ્વેલર્સને હજી પણ સમૃદ્ધ ગ્રાહકોની કેટલીક માંગ જોવા મળી રહી છે, પરંતુ વધુમાં તેઓએ ગોલ્ડ એક્સચેન્જ પ્રોગ્રામ્સ અને મર્યાદિત સ્ટોક વ્યૂહરચના પર વધુ આધાર રાખવો પડી શકે છે. સૌથી મોટું દબાણ નાના જ્વેલર્સ પર છે, જેઓ પહેલાથી જ સોનાના રેકોર્ડ ઊંચા ભાવો સાથે ઝઝૂમી રહ્યા હતા અને હવે વેચાણમાં ઘટાડો અને નફામાં ઘટાડાના પડકારનો સામનો કરી રહ્યા છે.

ભારતમાં દર વર્ષે લગભગ 800થી 850 ટન સોનાનો વપરાશ થાય છે. સપ્તાહના અંતે સ્પોટ બજારમાં જીએસટી સિવાય 999 શુદ્ધતાવાળું સોનું 10 ગ્રામ દીઠ 1.57 લાખ રૂપિયા પર ટ્રેડ થઇ રહ્યું હતું. આવી સ્થિતિમાં બજારમાં સોનાની ચમક પહેલા જેવી દેખાતી નથી.